કરારનામું ( કોન્ટ્રાક્ટ એગ્રીમેન્ટ)

લખાવી લેનાર: લખી આપનાર:

**(**૧) પ્રમુખ, મુંદરા-બારોઇ નગરપાલિકા, જી : કચ્છ એજન્સી:

(૨) ચીફ ઓફિસર, મુંદરા-બારોઇ નગરપાલિકા, જી : કચ્છ

કામનું નામ:

વંચાણ:૧.

વંચાણ:૨.

TENDER ID:
Estimated Cost:

આથી હું શ્રી ...................................... તે ................................. ના માલિક/પાર્ટનર ધંધો : કોન્ટ્રાક્ટર ઉ.વ......................તથા જ્ઞાતિ :.હિંદૂ- .................રહે .................. આથી લખી આપી બંધાઉ છું કે આપના તરફ થી ઉપરોક્ત કામ અંગે ઓનલાઈન આઈટમ પરસન્ટેજ રેઇટ ટેન્ડર મંગાવવામાં આવેલ (તા: ....................... ના રોજ કલાક સુધીમા) તે પૈકી અમારું તા: ................... ઉપરોક્ત કામના આઈટમ રેઇટ ભાવો નું ટેન્ડર એસ્ટીમેન્ટ કોસ્ટ કરતા ....................... રકમ અમારી એજન્સી ઓનલાઈન ભાવ રજુ કરેલ જે અન્વયે અત્રે ની કચેરી નાં તા:.................... જાવક નં......................થી નેગોશીએશન પત્ર અન્વયે અમારી એજન્સી નાં તા:........................... નેગોશીએશન બાદ ................ ભાવ ઉપર કરવામાં આવેલ છે મંજુર થયેલ ગ્રાંટ અને વહીવટી મંજુરી અન્વયે કામગીરી કરવા જે અન્વયે રૂપિયા : .................... ના નોન જ્યુડીશીયલ સ્ટેમ્પપેપર્સ ઉપર નીચે મુજબનું કરાર નામું કોન્ટેક્ટ એક્ટ ૧૮૭૨ એમેન્ડેડ અપ ટુ ડેઈટ (આજ દિવસના સુધારા વધારા સહીત) મુન્દ્રા-બારોઇ નગર પાલિકા સાથે કરી આપું છું.

શરતો

(૧) સરદહું કામમાં જે સ્થળે કામ કરવાના છે તે જમીનની સોઇલ બેરીંગ કેપેસીટી/એસ.બી.સી. ના ટેસ્ટ કોન્ટ્રાક્ટરશ્રી એ પોતાના ખર્ચે કરાવવાની રહેશે તેમજ એસ.બી.સી. ને અનુરૂપ મિક્સ ડીઝાઈન સરકાર માન્ય સ્ટ્રકચરલ એન્જીનીયર પાસે એજન્સી પોતાના ખર્ચે તૈયાર કરાવી નગરપાલિકાના માન્ય કન્સલટન્ટ એન્જીનીયર/નગરપાલિકા પાસે મંજુર કરાવી ત્યારબાદ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.કામમાં વપરાતા દરેક મટીરીયલ્સના તેમજ ક્યુબના ટેસ્ટીંગ માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં. પરચ /૧૦૨૦૦૭/૨૮/સ તા. ૩૧/૧૨/૨૦૦૯ થી થયેલ જોગવાઈ મુજબ વપરાસ થયેલ માલ-સામાનની ગુણવતા માટેના પરીક્ષણ પૈકીના ૮૦% પરીક્ષણ સ્થળ ઉપર તથા ૧૦% સરકારશ્રી માન્ય લેબોરેટરી ના તથા ૧૦% પરીક્ષણ ‘ગેરી’ લેબોરેટરીમાં એજન્સીએ પોતાના ખર્ચે ટેસ્ટીંગ કરાવી રીપોર્ટ નગરપાલિકામાં રજુ કરવા ના રહેશે. તથા કામમાં વપરાતા મટીરીઅલ ટેસ્ટીંગ આર.સી.એમ. કચેરીના પરિપત્ર ક્રમાંક : પ્રા.ક./તાંત્રિક વિભાગ /જા.નં/૨૯૭૭ તા. ૧૯/૦૮/૨૦૨૧ મુજબ હાથ ધરવાના રહેશે.

(૨) કામની સમય મર્યાદા ૮ (માસ) માસની છે. આ સમય મર્યાદા નગરપાલીકા સૂચવે/વર્ક ઓર્ડર તે તારીખે ગણવામાં આવશે. અને સમય- મર્યાદા થી વધારાની સમય મર્યાદા બહારની કામગીરીના પ્રત્યકે રનીંગ બીલ/ફાઈન બિલમાંથી ૧૦%ટાઇમલીમીટ ડીપોઝીટ તરીકેની રકમ કપાત કરવામાં આવશે. જેમાં સમય મર્યાદા બહારની કામગીરીમાં નગરપાલિકા ના કારણો સર મોડું થયેલ હોય તો નહી પરંતુ કોન્ટ્રકટરશ્રીના કારણો સબબ મોડું થયેલ હોય તો પ્રત્યેક બિલમાંથી ૧૦% ટાઇમલીમીટ ડીપોઝીટની કપાત કરવામાં આવશે અને આ ડીપોઝીટ

સમય-મર્યાદા વધારવાના યોગ્ય કારણો હોય અને નગરપાલિકા સમય-મર્યાદા વધારી આપવાના હુકમ આપવા તૈયાર હોય તો તે ડીપોઝીટ અંશ:ત:અથવા પુરેપુરી રકમ રીલીઝ થઇ શકશે અન્યથા ટાઇમલીમીટ પેનલ્ટી તરીકે આ ડીપોઝીટ માંથી વસુલાત થશે અથવા વસુલાત કરવા માં અને આ અંગેના તમામ નિર્ણયો ફાઈનલ બીલ સમયે લેવામાં આવશે.

~~(૩) આ કામ માં અમૃતર.૦ યોજના હેઠળ હોઈ એજન્સી ને ૫-વર્ષ માટે ઓપરેશન અને મેન્ટેનન્સ કરવાનું રહેશે~~

(૪) કામના થતા બીલ માંથી પ્રવર્તમાન દર મુજબ ઇન્કમ ટેક્સ તેમજ ૧% મુજબ વેલ્ફર ફંડ કપાત કરવામાં આવશે. તેમજ સિક્યોરીટી ડીપોઝીટ એજન્સીના ભાવ મંજુર થયે થી ૨.૫% મુજબ એફ.ડી.આર સિક્યોરિટી ડીપોઝીટ અને ૨.૫% લેખે બિલ માંથી કપાત કરવામાં આવશે અને ૫% લેખે બેંક ગેરેન્ટી ૫% જમા ક્વાવાની રહેશે આમ કુલ સિક્યોરીટી ડીપોઝીટ ૧૦% મુજબ છે. જે પ્રોજેક્ટનુ કામ પૂર્ણ થયા બાદ કમ્પ્લીસન સર્ટીફીકેટ મળ્યાથી ૩ વર્ષ (૩૬ માસ) માટે મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં જમા રાખવાની રહેશે.અને ટેન્ડર મંજુર થયેથી પરફોર્મન્સ બોન્ડ ડીપોઝીટ એફ્ડી.આર./બેંક ગેરેટી રૂપે જમા કરવાની રહેશે. જે રકમ સંપૂર્ણ કામ પૂર્ણ થયા અને ફાઈનલ બીલના પેમેન્ટ થયા બાદ કમ્પ્લીસન સર્ટીફીકેટ મળ્યા બાદ છુટી કરવામાં આવશે. ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ ઠરાવ ક્રમાંક :ટીએનસી /૧૦/૨૦૧૬/કોલોઝ-૧૭એ /સુધારો/(૧)/સ તા;૧૨/૦૫/૨૦૧૬ ઠરાવ મુજબ ૧૭a (b) મુજબ ડીફેકટ લાઈબલીટી કામપૂર્ણ થયા કમ્પલીસન મળ્યા ના વર્ષ ૩ વર્ષ (૩૬ માસ) નો રહેશે આમ કામના કમ્પ્લીસન થયાબાદ સિક્યોરીટી ડીપોઝીટ/પરફોર્મન્સ બોન્ડ પેટે જમા રહેતી ૫.૫ % મુજબની રકમ મુન્દ્રા -બારોઇ નગરપાલિકા દ્વારા ફિક્ષ બેંક ડીપોઝીટ રીસીપ્ટના કન્વર્ટ કરાવી શકશે અને તેના વ્યાજ મુન્દ્રા -બારોઇ નગરપાલિકા માં જમા કરાવી લેવામાં આવશે જે વ્યાજ કોન્ટ્રાક્ટરશ્રીને મળવા પાત્ર રહેશે નહિ. તેમજ દરેક બીલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબની રકમ ની ચુકવણી કરવામાં આવશે. તેમજ દરેક રનીંગ/ફાઈનલ બીલ માંથી અગાઉ ચૂકવેલ પેમેન્ટ બાદ કરવમાં આવશે.

(૫) આ કામમાં વાપરવામાં આવતા તમામ માલસામાન ઉપર રોયલ્ટી ,જી.એસ.ટી. તેમજ અન્ય જે કોઈ સરકારી લેણા થશે તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટર્શ્રીની (એજન્સીની) રહેશે.

(૬) આ કામમાં વાપરવાનું તમામ મટીરીયલ્સ પી.ડબ્લ્યુ.ડી હેન્ડ બુક વોલ્યુમ નં. ૧ અને ૨ તથા ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સ્પેસીફીકેશન મુજબ રહેશે. તથા ટેન્ડરમાં આપેલ સ્પેસીફીકેસન તેમજ નગરપાલિકાના/કન્સલ્ટન્ટ એજન્શી/એન્જીનીયરની લેખિત સુચના મુજબ કરવાની રહેશે.

(૭) મંજુર થયેલા ભાવો ઉપર કોઈપણ સંજોગોમા ભાવ વધારો ( પ્રાઈઝ એક્સેલેસન ) તથા મંજુર થયેલ ભાવ તથા વહીવટી અને મંજુરી તથા તાંત્રિક મંજુરી મુજબ મંજુર થયેલ ભાવ પ્રમાણે ભાવ આપવામાં આવશે વધારા નો ટેક્ષ આપવામાં આવશે નહી

(૮) તમામ માલસામાન એન્જીનીયર મુન્દ્રા-બારોઇ નગરપાલિકા પાસે થી અગાઉ અપ્રૂવ કરાવ્યા બાદ જ સાઈટ ઉપર સપ્લાઈ કરવાનો રહેશે. તેમ છતાં જો સપ્લાય કરેલ મટીરીયલ્સ એન્જીનીયર મુન્દ્રા -બારોઇ નગરપાલિકાને ટેકનીકલ અનસાઉંન્ડ લાગશે તો તે કોન્ટ્રકટર ખર્ચે અને જોખમે સાઈટ ઉપરથી ખસેડી લેવાનું રહેશે અને કોન્ટ્રકટર એમ કરવામાં નિષ્ફળ જશે તો મુન્દ્રા-બારોઈ નગરપાલિકા કોન્ટ્રકટરના ખર્ચે અને જોખમે તે મટીરીયલ્સ સાઈટ ઉપરથી ઉપાડી લેશે.

(૯) આ કામમાં જે વધારાની એક્સ્ટ્રા આઈટમ નુ કામ કરવાનું થાય તે ચાલુ એસ.ઓ.આર. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ-ભુજ કરછ તથા માર્ગ મકાન વિભાગ .ભુજ -કરછ ના શેડ્યુલ ઓફ રેઈટસના ભાવ થી કોન્ટ્રાક્ટરે કરી આપવાનું છે. અથવા રેઈટ એનાલીસીસ મુજબ કરી આપવાનું છે.

(૧૦) સંપૂર્ણ કામગીરી સંસ્થાના પ્રમુખ સાહેબ તથા ચીફ ઓફિસર સાહેબ તેમજ ઇન્જિનીયરની સુચના તેમજ માર્ગદર્શનઅનુશાર કરવાનું છે. અથવા સંસ્થાના માન્ય કન્સલટન્ટશ્રી અથવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્ટની, એજન્સીના અધીકુર્ત એન્જીનીયરશ્રીની સુચના/માર્ગદર્શન મુજબ કામગીરી કરવાની રહેશે.

(૧૧) સઘળા કામની વર્કમેન શીપ પબ્લિક વર્કસ ડીપાર્ટમેન્ટ હેન્ડબુક વોલ્યુમ ૧ તથા ૨ ની સને ૧૯૪૯ ની ૬ આવૃત્તિમાં આપેલ સ્પેસીફીકેસન મુજબ કરી આપવાનું રહેશે.

(૧૨) આ કામ સમય મર્યાદામાં પૂરું ન થાયતો ટેન્ડરમાં જણવ્યા અનુસાર કોન્ટ્રાક્ટર તથા બિલમાંથી દૈનિક લેખે કોન્ટ્રાક્ટ વેલ્યુના ૦.૧% પ્રતિ દિન મુજબ અને વધુમાં-વધુ ૧૦% મર્યાદા સુધી પેનલ્ટી નગરપાલિકાના નિર્ણય ઉપર વસુલ કરવામાં આવશે.

(૧૩) સદરહું કામ અંગેના સઘળો પત્રવ્યવહાર પ્રમુખ સા./ચીફ ઓફિસર સા. મુન્દ્રા-બારોઇ નગરપાલિકાના નામે કરવાનો રહેશે.

(૧૪) રાત્રીના કામ કરવાનું હોય તો પ્રમુખ સા. તથા ચીફ ઓફિસર સા. મુન્દ્રા-બારોઇ નગરપાલિકાના પૂર્વ મંજુરથી તે ચાલુ રાખી શકાશે.

(૧૫) કામની સિક્યોરીટી ખાતર દર્શાવેલ મુદતમાં કરેલ કામમાં કોઈપણ પ્રકારનો ફોલ્ટ આવશે તો તે જવાબદારી કોન્ટ્રાક્ટર ની રહશે.

(૧૬) સ્પેશિયલ શરત: ભારત સરકારશ્રીના અને ગુજરાત સરકારશ્રી તરફથી ૧ લી જુલાઈ-૨૦૧૭ થી તમામ પ્રકારના વેપાર ધંધા/સર્વિસ સેક્ટર, સપ્લાયર્સ, કોન્ટ્રાક્ટરશ્રી ઉપર ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સનુ ૮ નકત ૯ ભારણ નાખેલ છે જેમાં ગુજરાત સરકાર નાણા વિભાગ પરિપત્ર ક્રમાંક જીએસટી/૧૦૧૭/૧૦૯૭/જીએસટી સેલ સચિવાલય ગાંધીનગર, તારીખ ૧૫/૦૯/૨૦૧૮ ના પરિપત્ર મુજબ ૧ ઓક્ટોબર ૨૦૧૮ થી ટેન્ડર ભરનાર કોન્ટ્રાક્ટરશ્રી ના કામના રનીંગ/ફાઈનલ બિલમાંથી જીએસટી ૧% અને સીજીએસટી ૧% આમ કપાત કુલ ૨.00% મુજબની રકમ કપાત કરવાનું લાગુ કરવામાં આવેલ હોય જેથી નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરશ્રીના કામના બનતા રનીંગ/ફાઈનલ માંથી ૨.00% મુજબની રકમ કપાત કરવામાં આવશે. જેથી એજન્સીશ્રીએ આ બાબતને ધ્યાને લેવા નું રહેશે. આ બાબતે ભવિષ્યની લાયેબીલીટી વિગેરે અંગેની સઘળી જવાબદારી કામ રાખનાર કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે અને આ અંગેનું પાલન કોન્ટ્રાક્ટરશ્રીએ અથવા તેના વંશ-વારસાને કબુલ મંજુર, બંધનકર્તા રહેશે. અમારું ઉપરોક્ત વિગતવાણું કામ પૂર્ણ થાય ફાઈનલ બીલ, સિક્યોરીટી ડીપોઝીટ રીલીઝ થઇ જાય ત્યારબાદ પણ ભવિષ્યમાં આ પ્રકારના અથવા સરકારશ્રી સૂચવે તે મુજબના ટેક્સભરવાના સંજોગોમાં અમારે કામ રાખનાર સંસ્થામાં અથવા સંસ્થા સૂચવે તે સરકારશ્રીના વિભાગમાં આ પ્રકારના કરવેરા ભરવા અંગેની સઘળી જવાબદારી આ કામ રાખનાર કોન્ટ્રાક્ટરશ્રી રહેશે.

(૧૭) એમ્પલોય્મેન્ટ પ્રોવિડન્ટ ફંડ એક્ટ હેઠળ કોન્ટ્રાક્ટ કામમાં રોકાયેલ કર્મીઓના માસિક ધોરણે એમ્પ્લોયમેન પ્રોવિડન્ટ ફંડ નિયમિત પણે ભરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે. આ ઉપરાંત કોન્ટ્રાક્ટરશ્રીને જે રકમના કોન્ટ્રાક્ટ .મુન્દ્રા-બારોઇ નગરપાલિકા તરફ થી સોપવામાં આવેલ હોય તેના અંદાજીત ૨૦ થી ૩૦% લેબર ખર્ચ મુજબ ગણતરી કરવા માં આવશે અને તે લેબર ખર્ચના ૧૨% ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કર્મીની રહે છે અને બાકીના ૧૨% ઈપીએફ ભરવાની જવાબદારી જે તે કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે અને તે ઈપીએફ રકમ ઓનલાઈન પેમેન્ટ ભરપાઈ કર્યાના ચલણ માસિક તા. ૧૫ પહેલા મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં રજુ કરવાના રહેશે તથા ચલણની સાથો-સાથ કર્મીઓના હાજરીપત્રકણી ખરી નકલ, પેમેન્ટ ચૂકવાની કેશબુક-ચેકનંબર, વાઉચર, બેલેન્સ સીટ, ફોર્મનં.૨૬ તથા ફોર્મનં.૨૬ (સી) (ટીડીએસ) રજુ કરવાના રહેશે આ ઉપરાંત કોન્ટ્રાક્ટરશ્રીએ આ અંગેની તમામ ડોક્યુમેન્ટસ દરેક રનીગબીલ/ફાઈનલ બીલ સાથે જોડવાના રહેશે અને ત્યારબાદ કોન્ટ્રાક્ટરશ્રીના પેમેન્ટ ચુકવવામાં આવશે. તથા સરકારશ્રીના વખતો-વખત ઠરાવો-પરિપત્રોના ચુસ્ત પણે કોન્ટ્રાક્ટશ્રીએ પાલન કરવાના રહેશે.

(૧૮) સદરહું કામમાં ફાઇનલ બિલ બનાવતા પહેલા જરૂરી રોયલ્ટી માટે ખાણ ખનીજ વિભાગનું ના વાંધા પ્રમાણપત્ર,સિમેન્ટના પાકા બિલો,તેમજ માલ-સમાન, અને ક્યૂબ ટેસ્ટિંગ માટેના એજન્સીએ જે ગર્વમેન્ટ માન્ય લેબોરેટરીમાં પરિક્ષણ કરાવેલ હોય તે લેબોરેટરીને ફી ચૂકવેલ હોય તે ફીના બિલ ૧ % મુજબ ટેન્ડરની અંદાજીત રકમના રજૂ કરવાના રહેશે.

(૧૯) જરૂર જણાયે પ્લાન એસ્ટીમેઇટ વિગેરેમાં ફેરફાર કરવાની સતા પ્રમુખ/ચીફ ઓફિસરમુન્દ્રા-બારોઇ નગરપાલીકા ની રહેશે.

(૨૦) મંજૂર થયેલ જથ્થા કરતા કામ ઓછું કે વધારે કરાવવું તે પ્રમુખ સા..મુન્દ્રા-બારોઇ નગરપાલીકાની મનસૂફી ઉપર છે અને એસ્ટીમેઈટ કરતા વધારે કામ મુન્દ્રા-બારોઇ નગરપાલીકા તરફથી આપવામાં આવેતો તે અમારે અમારા મંજૂર થયેલ ભાવ થી કોઈપણ આઈટમનું કામ તેમજ સઘણી આઈટમનું કામ કરી આપવાનું છે.

(૨૧) પાવર પાણી કે રોડ રોલર દિવાબતી ઈત્યાદીની સગવડ કોન્ટ્રાકટરે કરવાની રહેશે પરંતુ યોગ્ય બાંધોબસ્ત.મુન્દ્રા-બારોઇ નગરપાલીકા તરફ થી કરી શકાય તેમ હશે તોમુન્દ્રા-બારોઇ નગરપાલીકાને જરૂરી ફી ભરી આપવામાં આવશે. પરંતુ આ સેવા મરજીયાત આપવામાં આવશે.

(૨૨)આ કામ ઉપર અમારે સતાધીસ ટેકનીકલ જ્ઞાન ધરાવતો પ્રતિનિધી રાખવાનો છે. કે જે કામ ઉપર દેખરેખ રાખી (સ્કીલ્ડ તેમજ અનસ્કીલ્ડ) મજૂરો ઉપર કાબૂ રાખી શકે જેતે અધિકૃત અધિકારી તરફથી વખતો વખત સૂચના મુજબની કામગીરી સંપૂર્ણ રીતે કરાવી શકે.

(૨૩) સચોટ કારણોસર કામ સમય મર્યાદામાં પૂર્ણ કરી ન શકાયતો વ્યાજબી કારણોસર સમયમર્યાદા કોન્ટ્રાકટરની અરજી અન્વયે વધારી આપવાની સતા પ્રમુખ સા. /ચીફઓફિસર સા.મુન્દ્રા-બારોઇ નગરપાલીકાની રહેશે.

(૨૪) કામ પુરૂ થયે સાફસૂફી ચોકસાઈ ઈત્યાદીની બિન જરૂરી વેસ્ટ સાફસૂફી કરી આપવાની રહેશે જેનો કોઈખર્ચ કોન્ટ્રાકટરને નગરપાલિકામુન્દ્રા-બારોઇ તરફથી આપવામાં આવશે નહીં.

(૨૫) ઈજનેર શ્રી પ્રોજેકટ કન્સલ્ટન્ટે માપ લીધેલ હશે તે રેકોર્ડ મુજબના માપો કોન્ટ્રાકટરે માન્ય રાખવાના રહેશે માપ લેતી વખતે કોન્ટ્રાકટરે ન.પા.ના એન્જીનીયર સાથે હાજર રહેવાનુ છે.

(૨૬) આ કામ દરમ્યાન કોઈપણ જાનમાલની હાની થાય કે કોઈપણ જાતના અકસ્માત થાય તો તે અંગેની વર્કમેન કમ્પેસેશન એકટ અનવયે જે કોઈ જવાબદારીઉભી થાય તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરશ્રીની રહેશે.

(૨૭) ફક્ત મટીરીયલનું કોઈ એડવાન્સ પેમેન્ટ આપવામાં આવશે નહી તેમજ કિંમતમાં થતાં વધારા મુજબ કોઈ ભાવ વધારો માલ સામાનમાં કે મજૂરી કામમાં આપવામાં આવશે નહી.

(૨૮) જો આ કામમાં કોન્ટ્રાકટર ઢીલ કરે તોમુન્દ્રા-બારોઇ .નગરપાલિકા આ કામ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે બીજા કોન્ટ્રાકટર પાસે કરાવી લેવા મુખત્યાર રહેશે. તેમાં જે નુકશાની જાય તે કોન્ટ્રાકટરે ભરવાની છે અને નફો થાય તો તેના ઉપર કોન્ટ્રાકટર કોઈ હક્ક રહેશે નહી.

(૨૯) સદરહું ટેન્ડરમાં ચાલુ કામગીરી દરમ્યાન તેમજ મરામત અને નિભાવણી દરમ્યાન કુદરતી રીતે કોઈપણ નુકશાન થાય તો તેની જવાબદારી કોન્ટ્રાકટરના શિરે રહેશે.

(૩૦) કોન્ટ્રાકટરે પોતે રાખેલ કારીગરો મજૂરોને મીનીમમ વેઈઝીસ ઓર્ડર પ્રમાણે મજૂરીના દર આપવાના રહેશે.

(૩૧) આ કામ વ્યવસ્થિત સ્પેશીફિકેશન મુજબ નહિ કરવામાં આવે તો તે અંગેના તમામ ખર્ચની જવાબદારી કોન્ટ્રાકટરના શિરે રહેશે. અને તે માટે કોન્ટ્રાકટર રદ થવાના પાત્ર રહેશે. અને બાકીનું કામ કોન્ટ્રાકટરના ખર્ચે અને જોખમે કરાવી લેવા પ્રમુખ/ચીફ ઓફિસર મુન્દ્રા-બારોઈ નગરપાલિકા મુખત્યાર છે. આવા સંજોગોમાં ડિપોઝિટની રકમ જપ્ત કરવા તથા થયેલ કામમાંથી થયેલ તમામ ખર્ચ વસૂલ લેવા.મુન્દ્રા-બારોઇ નગરપાલિકા મુખત્યાર છે.

(૩૨) વર્ક ઓર્ડર મુજબ આપેલ કામમાં ચાલુ કામો અન્ય આસામીઓની મિલકત અગર જાનમાલની કોઈપણ નુકશાન થશે તો તેની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે અને તે અંગે કોઈપણ વળતરની રકમ ચૂકવવાની થાય તો તે કોન્ટ્રાકટરે ચૂકવી આપવાની રહેશે. જો કોન્ટ્રાકટર વળતર ચૂકવવાનો અમલ ન કરે તો તેવા વળતર વગેરેની રકમ તેના બિલમાથી કાપી લેવામાં આવશે.

(૩૩) આ કામ કરતા કોઇપણ મજુર, કારીગર, સુપરવાઈઝર કે અન્ય વ્યક્તિને ઈજા થાય અથવા તો મુત્યુ પામે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.આ માટે કોન્ટ્રાક્ટરશ્રી એ અકસ્માત વીમા પોલીસી લેવાની રહેશે.

(૩૪) ખોદાણકામ દરમ્યાન ન.પા. ની પાઈપ લાઈન કે અન્ય કોઇપણ ઈસમોની નુકશાની ઈજરદારે સ્વખર્ચે ભોગવવાની રહેશે.

(૩૫) સદર કામમાં જરૂરીયાત તમામ મટીરીયલ્સ આઈ.એસ.આઈ.બ્રાન્ડનું વાપરવાનું રહેશે.

(૩૬) કોન્ટ્રાક્ટરશ્રીએ ટેન્ડર માં કરેલ જોગવાઈઓ સ્પેસીફીકેશન મુજબ કામગીરી કરવા ની રહેશે.

(૩૭) સદરહું સી.સી.રોડની કામગીરીના સ્થળે નગરપાલિકા ઈજનેર શ્રી અને કન્સલ્ટન્ટ એજન્શી,ટી.પી.આઈ એજન્સી સમય માટે સુપરવિઝન કરશે અને તે જે કઈ સુચના આપશે તે સુચના કોન્ટ્રાક્ટરશ્રીએ માન્ય રાખવાની રહેશે,તેમના સંતોષકારક કામગીરી પૂર્ણ થયાના પ્રમાણપત્ર મેળવ્યાબાદ જ બીલ બનાવવા/પેમેન્ટ ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૪૦) સદરહું ટેન્ડરમાં શેડ્યુલ –બીમાં એમ-૨૦૦/૨૫૦/૩૦૦ ની રેડીમીક્ષ આઈટમાં કોર્કીટમાં મેલામાઈન બેઇઝ /નેપ્થેલિન બેઇઝ કેમિકલ ૧.૫૦ કિ.ગ્રામ પ્રતિ સિમેન્ટ બેગે વાપવાનું રહેશે.

(૪૧) સદરહું ટ્રી-મીક્સ સી.સી.રોડના કામમાં વપરાશમાં લેવાતા સિમેન્ટ કોન્ક્રીટ એમ-૨૦૦/૨૫૦/૩૦૦ માં પ્રત્યેક ૨૦૦ ઘ.મી. ના જથ્થાએ એક સ્થળે નગરપાલિકાની સુચના મુજબ સ્થળ સ્થિતીનાં પાંચ રોજકામ કર્યાબાદ કોર ટેસ્ટીંગ કોન્ટ્રાક્ટરશ્રીએ કરી આપવાના રહેશે,અને આ ટેસ્ટના સફળતા પૂર્વકના ટેસ્ટીંગ રીઝલ્ટ મળ્યા બાદ એજન્સીનું બીલ ચુકવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે અન્યથા જો રીઝલ્ટ ફેઈલ થાય તો કોન્ક્રીટનાં ૨૦૦ ઘ.મીના કોઇપણ પ્રકારના પેમેન્ટ/બીલ ચૂકવવાના રહેશે નહી . અને કરેલ કોન્ક્રીટનાં સ્થળે ફરી વખત એમ-૨૦૦/૨૫૦/૩૦૦ કોન્ક્રીટ વિનામૂલ્યે કરી આપવાના રહેશે.

(૪૨) મુન્દ્રા-બારોઇ નગરપાલિકા /સરકારશ્રી નિયુક્ત થર્ડ પાર્ટી ઇન્સ્પેકશન કરનારી એજન્સી એન્જીનિયરશ્રી મારફત સ્થળ પર સિમેન્ટ કોન્ક્રીટ એમ.૨૦૦/૨૫૦/300 નાં ક્યુબ ટસ્ટીંગ (૭ દિવસ અને ૨૮ દિવસ સ્ટ્રેન્થ ) કરવામાં આવશે અને તે રીઝલ્ટ સફળ થશે તો અને તોજ પૂર્ણ પેમેન્ટ ચુકવવામાં આવશે.આ ઉપરાંત સ્થળપર કોન્ક્રીટને લગત અન્ય ટેસ્ટપણ કરવામાં આવશે.

(૪૩) પેવીંગ બ્લોક્ના કામમાં મુન્દ્રા-બારોઇ નગરપાલિકાના એન્જીનીયર /કન્સલટીંગ એન્જીનીયરની સુચના મુજબ એજન્સીએ નગરપાલિકા હદ વિસ્તારમાં પ્લાન્ટ નાખી અથવા ત્યાના સારા મેન્યુફેકચર પાસે રબ્બરમોલ્ડ પેવર બ્લોક ૮૦/૬૦ એમએમ જાડાઈનાં એમ-૩૦૦ ગ્રેડમાં બનાવવાનાં રહેશે લાઈટ અને પાણીની વ્યવસ્થા એજન્સીએ પોતાના ખર્ચે કરવાની રહેશે તેમજ જરૂરી લેબોરેટરી સાઈટ ઉપર ક્વોલીટી તેમજ સ્ટ્રેન્થ ચેક કરવા ઉપલબ્ધ કરાવવાનું રહેશે.

(૪૪) સદરહું કામમાં પેવીંગ બ્લોકમાં થયેલ રસ્તા વાઈઝ કામમાં દરેક રોડ માંથી પેવીંગ બ્લોકનું સેમ્પલ લઈ સરકાર માન્ય લેબોરેટરીમાં જરૂરી થીક્નેશ તેમજ સ્ટ્રેન્થની ચકાસણી કરાવવામાં આવશે.જો આ બાબતની ચકાસણી કરતા થીક્નેશ તેમજ સ્ટ્રેન્થ યોગ્ય લાગશે તોજ એજન્સીનું રનીંગ /ફાઈનલ બીલ બનાવવા કે ચુકવવામાં આવશે.જેની એજન્સીએ ગંભીર નોધ લેવાની રહેશે.અને આ બાબતને જરૂરથી ધ્યાને રાખી એજન્સીએ કામ કરવા નો રહેશે આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહી.

(૪૫) સદરહું રોડના અમલીકરણ દરમ્યાન સ્થળ-સ્થિતિએ સજ્જડ બેરીકેટ (આડશો) કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે.

(૪૬) સદરહુ ટેન્ડરમાં વર્ક ઓર્ડરની કિમતની ૧૦% સુધીના વધારાની કામગીરી મુન્દ્રા-બારોઇ નગરપાલિકા અને કોન્ટ્રાક્ટરશ્રીની સંમતીથી નગરપાલિકા અલગ જ વર્ક ઓર્ડર આપી કામગીરી કરાવી શકાશે.

(૪૭) કોન્ક્રીટ કે મોર્ટર નિયત માપ સાઈઝના હેન્ડલવાળા બોક્ષના ઉપયોગ કરવાના રહેશે. અથવા વેબેચર પ્લાન્ટના વજન મુજબ રેતી, કાંકરી કે કપચી વપરાશ કરવાના રહેશે.

(૪૮) મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં કોન્ટ્રાક્ટર્શ્રીને સોપવામાં આવેલ કામગીરીના અમલીકરણ દરમ્યાન, સ્થળ, સ્થિતિ, સંજોગો કામની જરૂરિયાત મુજબ અંદાજીતમાં ન હોય તેવી કોઈપણ આઈટેમના અમલીકરણના સંજોગોમાં નગરપાલિકાના ચીફ ઓફિસરશ્રી અને પ્રમુખશ્રી/કારોબારીના ઠરાવ/સામાન્ય સભાના ઠરાવ સાથે મંજુરી મેળવી લીધા બાદ લેખિતમાં પત્ર મળ્યાબાદ આ એક્સ્ટ્રા/વધારાની આઈટેમના અમલીકરણ કરવાના રહેશે.

(૪૯) મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં સ્થળ-સ્થિતિ સંજોગોમાં કામની જરૂરિયાત તથા લોક માંગણી/ માંગણી મુજબ કામના અંદાજીત ખર્ચમાં અંદાજીત રકમના ૧૦% રકમ સુધીનો વધારો કરી શકાશે અને જો ૧૦% વધારે કામગીરી કરાવવાના સંજોગોમાં રીવાઈઝડ અંદાજ તૈયાર કરી, રીવાઈડઝ તાંત્રિક મંજુરી મેળવી, નગરપાલિકા લેવલે/સક્ષમ લેવલે રીવાઈઝડ મંજુરી મેળવ્યા બાદ કામગીરી કરવાની રહેશે.

(૫૦) સદરહુ ટેન્ડરમાં લીધેલ તમામ પ્રકારના કામોમાં સરકારશ્રી માંથી હપ્તા પ્રમાણે ગ્રાન્ટ મળવાપાત્ર હોય જેથી જે હપ્તા ની ગ્રાન્ટ ઉપલબ્ધ હશે તેજ પ્રમાણે બીલોનું ચુકવણું કરવામાં આવશે, જો સરકારશ્રી દ્વારા હપ્તા ફાળવણીમાં વિલંબ થાય તો એજન્સીના થયેલ કામના રનીંગ/ફાઈનલ બીલો ચુકવવામાં વિલંબ થાય તો તે બાબતે એજન્સીએ ખાસ નોધ લેવાની રહેશે.

(૫૧) સિમેન્ટ અને સ્ટીલના રજીસ્ટર તમામ પ્રકારના રજીસ્ટર અલગથી નીભાવવાના રહેશે તથા પ્રત્યેક રનીગબીલ સાથે સિમેન્ટ અને સ્ટીલના પાકા બીલો રજુ કરવાના રહેશે.

(૫૨).મુન્દ્રા-બારોઇ નગરપાલિકાની મંજુરી મેળવી/ટેન્ડર સ્પેસીફીકેશન મુજબ સિમેન્ટ બેગ અને સ્ટીલ વપરાશ કરવાની રહેશે. આ બાબતે કોઈ તકદાર કરવાની રહેશે નહિ.

(૫૩) કામમાં દરેક મટીરીયલ સાઈટ ઉપર લાવતા પહેલા તેનું સેમ્પલ નગરપાલિકા માં રજુ કરી મંજુર કરાવ્યા બાદજ સાઈટ ઉપર લાવવાનું રહેશે, આપમેળે લઇ આવેલ માલ-સમાન ઉપરથી દુર કરવો પડે તેની કોઈપણ પ્રકારની જવાબદારી નગરપાલિકાની રહેશે નહિ.

(૫૪) ચાલુ કામ દરમ્યાન ફોટોગ્રાફસ લેવાના રહેશે અને સિમેન્ટ, સ્ટીલ અને પેવીંગ બ્લોક વપરાશના ફોટોગ્રાફ્સ ખાસ અલગથી રજુ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે.

(૫૫) (૧) ૧૨ થી ૨૦ એમએમ મેટલ ટેસ્ટીંગ-એપૃવ્ઠ કરવાના રહેશે.

(૨) ૨૫ થી ૪૦એમેમ મેટલ ટેસ્ટીંગ -એપૃવ્ઠ કરવાના રહેશે.

(3) સેન્ડના સેમ્પલ ટેસ્ટીંગ-અપૃવ્ઠ કરવાના રહેશે.

(૪) સિમેન્ટ અલ્ટ્રાટેકટ/અંબુજા/હાથી/કમલ/સાંધી/ વગેરે ને આઈ.એસ.આઈ અને ગવર્મેન્ટઅપ્રૂવ વાપરી શકાશે તેના ટેસ્ટીંગ-અપૃવ્ઠ કરવાના રહેશે.

(૫૬) એમ-૨૦૦ ગ્રેડની મિક્ષ ડીઝાઇન સેમ્પલ પાસ થયા બાદ તેની હાજરીમાં સીલબંધ બોરીના સેમ્પલ દ્વારા તૈયાર કરાવી આ કમિટી સમક્ષ મિક્ષ ડીઝાઇન એપૃવ્ઠ કરાવવાની રહેશે.

(૫૭) કામગીરીના રનીંગબીલ કે ફાઈનલબીલના મેઝરમેન્ટ સાથેના એબ્સ્ટ્રેકટ શીટ્ટ સાથેના બીલ તૈયાર રહેશે. અને તેની ચકાસણી મુન્દ્રા-બારોઈ .નગરપાલિકા કરી શકશે.

(૫૮) દરેક રનીંગ/ફાઈનલ બીલ માપો મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં રજુ કરવાના રહેશે. કોન્ટ્રાક્ટરશ્રીએ પણ જાણકારી વધારતા હોવા જોઈએ કે ખોટા માપો સબમિટ કરવા અને તેના બીલ મુન્દ્રા-બારોઇ નગરપાલિકા માંથી લેવા/ચુકવવા તે એક પ્રકારની આર્થિક ઉચાપથ ગણાશે અને તે બદલ ફોજદારી ધારા હેઠળ ફરિયાદ કરવા પાત્ર રહેશે.

(૫૯) તમામ કામગીરી મુન્દ્રા-બારોઇ નગરપાલિકા અધીકુર્ત સુપરવાઈઝર/કન્સલટન્ટશ્રીના અધીકુર્ત સુપરવાઈઝરશ્રી અથવા પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલટન્સી એજન્સીના અધીકુર્ત સુપરવાઈઝરશ્રી/એન્જીનીયરશ્રીની હાજરીમાં જ તમામ કામગીરી કરવાની રહેશે. સુપરવિઝન/સુપરવાઈઝર વગર કરેલ કામનું પેમેન્ટ ચુકવવા પાત્ર થશે નહિ.

(૬૦) નગરપાલિકાના પ્રોજેકટ મેનેજ્મેન્ટ કન્સલ્ટન્સીના અધીકુર્ત સુપરવાઈઝરશ્રી/એન્જીનીયરશ્રીને સાઈટ પર એ મુજબ જણાય કે કામમાં માલ-સામાનમાં સ્પેસીફીકેશન વિરુધ કઈક થઇ રહેલ છે તે સંજોગોમા ચાલુ કામ તાત્કાલિક અસરથી સ્ટોપ/બંધ કરાવી શકશે આ અંગે કોઈ વિવાદ કરવાના રહેશે નહિ.

(૬૧) કોઈપણ કામના ફાઈનલ બીલ સાથે કામ દીઠ, આઇટેમ દીઠ એક્સેસ સેવિંગ સ્ટેટમેન્ટ બિનચૂક તૈયાર કરવાના રહેશે. વધારા-ઘટાડાના ખર્ચના અહેવાલ સમક્ષ ઓથોરીટી દ્વારા મંજુર કરવામાં આવ્યા બાદ ફાઈનલ બીલના પેમેન્ટ ચુકવવાણી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૬૨) કોઈપણ ગ્રાન્ટ/અનુદાન હેઠળના કામોમાં બીલ ગ્રાન્ટ/અનુદાનની રકમની મર્યાદામાં જ ચુકવવામાં આવશે. વધારાના ખર્ચ સમક્ષ ઓથોરીટી દ્વારા મંજુર કર્યાબાદ ચુકવવામાં આવશે.

(૬૩) સરકારશ્રી અનુદાન/ગ્રાન્ટ હેઠળના તમામ કામોમાં સરકારશ્રી નિયુક્ત/નગરપાલિકા નીયુકત થર્ડપાર્ટી ઇન્સ્પેકસન એજન્સી પાસે થર્ડ પાર્ટી કરાવવામાં આવશે અને તેના રીપોર્ટ નગરપાલિકા ને મળ્યા બાદ રનીંગ બીલ/ફાઈનલ બીલના પેમેન્ટના ચુકવણા કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ થર્ડ પાર્ટી કરાવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે.

(૬૪) કામ પૂર્ણ થયાબાદ ભવિષ્યમાં પૂર્ણ થયેલ કામ બાબતે આર્થિક રકમની રીકવરીના પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે. અને આર્થિક રીકવરીની રકમ હેવન્યૂ રાહે.મુન્દ્રા-બારોઈ નગરપાલિકા વસુલી શકશે.

(૬૬) રસ્તાની કામગીરીની દરેક સાઈટ પર નિયત લખાણ સાથેના, વિગતો સાથેના બોર્ડ સાઈટ પર મુકવાના રહેશે. સાઈટ પર સલામતી સૂચક બોર્ડ, નિયત રીબીન, અન્ય આડશ મુકવા વિગેરે અંગની સઘળી જવાબદારી કોન્ટ્રાક્ટરશ્રીની રહેશે ટેમ છતાં અકસ્માત થાય કે પોલીસ ફરિયાદના પ્રસંગમાં મુન્દ્રા-બારોઇ નગરપાલિકા જવાબદાર રહેશે નહિ.

(૬૭) આ કામગીરીમાં ખોદાણ દરમ્યાન હયાત ભૂગર્ભ ગટરની પાઈપ લાઈન, મેનહોલ ચેમ્બર, હાઉસ કનેક્શન ચેમ્બર, ગટરની હાઉસ કનેક્સનની પાઈપ લાઈન, પાણીની હાઉસ કનેક્સનની પાઈપ લાઈન, પાણીની પાઈપ લાઈન, નુકશાન કે નાશ થાય તે સમગ્ર કામગીરી એજન્સીએ(કોન્ટ્રાક્ટરે) માલ-સમાન તથા મજુરી સહીત રીપેરીંગ કરી વ્યવસ્થિત કરી આપવાનું રહેશે. એજન્સીએ જેની ખાસ નોધ લેવાની

(૬૮) સી.સી. રોડની કામગીરી દરમ્યાન બંને બાજુ હયાત ઓટા કે અન્ય પાકા બાંધકામ તોડવાના થાય તો તેના ભાવ એજન્સી દ્વારા ભરેલ શેડ્યુલ-બિમાં બોક્સ કટીન્ગની આઇટેમ મુજબ ચુકવવામાં આવશે.

(૬૯) સદરહુ કામમાં થયેલ ટેન્ડર ની કિમત મુજબ ડીપોઝીટ ભરીને એગ્રીમેન્ટ કરવામાં આવશે. પરંતુ ગ્રાન્ટની ઉપલબ્ધતા મુજબ વર્ક ઓર્ડર આપવામાં આવશે. તદ ઉપરાંત આ ટેન્ડરની કિમત મુજબનું કામ કરાવવું કે તેના થી ઓછી કિમત નુ કામ કરાવવું તે ગ્રાન્ટની ઉપલબ્ધતા મુજબ હોય જેથી નગરપાલિકા તરફ થી જે નિર્ણય કરવામાં આવશે તે એજન્સી (કોન્ટ્રાક્ટરશ્રી) તે માન્ય રાખવાનો રહેશે. આ બાબતે એજન્સીએ વિવાદ કે કોર્ટ કચેરીમાં જઈ સકશે નહિ તે ધ્યાને લઇ ટેન્ડર ભરવાનું રહેશે.

(૭૦) સદરહુ ટેન્ડર ભરનાર એજન્સી પાસેથી જી.એસ.ટી. અને પી.એફ. ભરવાની જવાબદારી એજન્સીની રહેશે.નગર પાલિકા ધ્વારા કોઈ પણ પ્રકાર નો વધારો આપવામાં આવશે નહી સબંધિત કચેરી દ્વારા આ બાબતે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો જવાબદારી સબંધિત એજન્સીની રહેશે.

(૭૧) સદરહુ કામમાં એજન્સીએ કામ શરુ કર્યા પેહલા હૈયાત સ્થળ સ્થિતિના ફોટોગ્રાફ્સ અને કામ પૂર્ણ થયા બાદના ફોટોગ્રાફ્સ રનીંગ/ફાઈનલ બીલ રજુ કરતી વખતે સાથે (હાર્ડ કોપી અને સોફ્ટ કોપી) પાંચ નકલમાં કોન્ટ્રાક્ટરશ્રીએ મુન્દ્રા-બારોઇ નગરપાલિકામાં સબમિટ કરવાના રહેશે.

(૭૨) કોન્ટ્રાક્ટરશ્રી તરફથી રજુ થતા રનીંગ બીલ/ફાઈનલ બીલ વખતે બીલમાં જણાવેલ જથ્થા મુજબ જે આઈટમમાં સરકારશ્રીના ખાન-ખનીજ વિભાગમાં રોયલ્ટી ભરવા પાત્ર થશે તે રોયલ્ટી બીલના જથ્થા મુજબ ભરી આપેલ છે તેના પાકા આધાર પુરાવા રનીંગ બીલ/ફાઈનલ બીલ સાથે આપવાના રહેશે અને ત્યારબાદ બીલ ચુકવણીની કાર્યવાહી મુન્દ્રા-બારોઇ નગરપાલિકા તરફથી હાથ ધરવામાં આવશે. જેની એજન્સીએ ખાસ નોધ લેવાની રહેશે.

(૭૩) ટેન્ડરમાં સામેલ કરેલ ચુકવણા તથા કામ બાબતની ખાસ શરતો તેમજ આ ટેન્ડર કરારનો એક ભાગ ગણાશે જે કોન્ટ્રાક્ટર અથવા તેના ભાગીદાર અને તેના વારસાને માન્ય રહેશે.

(૭૪) સદર કામગીરી બાબતે કોઈ પ્રકાર નાં વાદ-વિવાદ વખતે દાવાનો જ્યુરિડીકશન મુન્દ્રા કોર્ટ રહેશે એજન્શી ને અનિવાર્ય પણે બંધનકર્તા રહેશે. આ કરારનામું રૂપિયા: .............ના નોન જયુડીશિયલ સ્ટેમ્પ પેપર્સ /જેની કોરા લેઝર પાનાં કુલ્લ:૮

ઉપર મુજબનું કરારનામું મે પોતે વાંચી સમજી અક્કલ હોશીયારીથી વિના કેફે કોઈની શેહ શરમ રાખ્યા વગર રાજી ખુશી થી કરી આપેલ છે જે મને તથા મારા બધા ભાગીદારો તથા મારા વાલી વંશ વારસો ને દરેક પ્રકારે કબુલ મંજુર તેમજ બંધનકર્તા છે જે બદલ મે મારી સહી કરી જરૂરી સાક્ષી નીચે કરાવેલ છે.

સ્થળ:મુન્દ્રા-કરછ

તા: (કોન્ટ્રાક્ટરની સહી).............................................

સાક્ષી :- ( નામ તથા સરનામું )

(૧) ..........................................

................................................. ચીફ ઓફિસર

................................................. મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

(૨)...........................................

................................................. પ્રમુખ

................................................ મુન્દ્રા- બારોઇ નગરપાલિકા